**ફોજદારી કેસ નં.:33746/2019**

**પેરા-૭:-**

**(૧)** આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેચલ સીંટીગ નુ આયોજન કરવામાં આવેલ છે તેમાં અમો આરોપી હાજર થઈ ગુનાની કબુલાત અંગે પરસીસ આપતા સદર કેસ હાથ ઉપર લેવામાં આવેલ છે જે મુજબ ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપી સામે ઈ.પી.કો.કલમ-૨૭૯ તથા એમ.વી.એકટની કલમ-૩,૧૮૧,૧૭૯(૧) મુજબના ગુનાનો આરોપ છે અને તે આરોપીએ સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરેલી છે. તેઓની રજૂઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે, મધ્યમ વર્ગના છે, કોર્ટ સમક્ષ દયાની માંગણી કરીને ફરીથી આવો ગુનો નહિ કરવાનું જણાવેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબૂલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપીએ તેના નિવેદનમાં સ્વૈચ્છાપૂર્વક ગુનો કબૂલ કરેલ છે અને પોતાનો પ્રથમ ગુનો હોઈ અને પોતે ભવિષ્યમાં ગુનો નહિ કરે તેની ખાતરી આપી, રહેમ કરવા રજૂઆત કરેલ છે.

**(૨)** આરોપીએ દયાની માંગણી કરેલ હોઈ, આરોપીની રજૂઆત તથા કબૂલાત અને કેસના સંજોગોને ધ્યાને લેતા, તેમજ **રમેશચંદ્ર ભીખાલાલ સોની વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, જી.એલ.એચ. ૨૦૧૩(૨) ૯૭૪** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા તેમજ **ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૫ (૧) જીએલઆર ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરીચંદ્રજી ઠાકોર** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, તેમજ સ્પેશીચલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ તે લક્ષમાં રાખતા, જો પૂરતા અને વ્યાજબી કારણો હોય, તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ, નીચેની અદાલતને કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે. આ ચુકાદાના સિધ્ધાંતને ધ્યાને લઈ તથા આરોપીના સંજોગોને ધ્યાને લેતા, આરોપીને હળવી સજા કરી, હળવી તથા ઓછી સજા કરવા માટેના વાજબી અને વિશિષ્ટ કારણો જણાતા હોઈ, આરોપી ઉપર દયા બતાવી, સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**-: હુ ક મ :-**

**૧.**આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૨ અન્વયે ભારતીય દંડ સહીતાની કલમ- ૨૭૯, અન્વયે રૂ.૧૦૦૦/-(અંકે રુપીયા એક હજાર પુરા), મોટર વ્હીકલ એકટની કલમ-૩-૧૮૧ મુજબના ગુના બદલ રૂ.૫૦૦/-(અંકે રુપીયા પાંચસો પુરા) તથા ૧૭૯(૧) મુજબના સયુંકત ગુના બદલ રૂ.૫૦૦/-(અંકે રુપીયા પાંચસો પુરા) મુજબના ગુના બદલ

એમ સયુંકત રીતે કુલ રૂા.૨,૦૦૦/-(અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ તથા દંડ ના ભરે તો દિન-૧૫ (પંદર) ની સાદી કેદની સજા તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે.

**૨**.આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ નાણાં નિયમાનુસાર સરકાર ખાલસા કરાવવા, જયારે મુદ્દામાલ મોબાઈલ ફોન/વાહન અંગે વચગાળાના તબકકે કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે વિકલ્પે સદર મુદામાલ તેના માલિકને પરત સોંપવો તેમજ વેલ્યુબલ મુદામાલ ના હોય તેવા મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી ધોરણસર નાશ કરવો.

– ચેરમેનશ્રી વ.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ના કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીંટીગ નું આયોજન કરવામાં આવેલ છે આથી આ હુકમ આજ રોજ યોજવામાં આવેલ આ સ્પેશ્યલ મેજીસ્ટ્રેયલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી લખી સંભળાવી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ:-૧૧/૦૯/૨૦૨૧

સ્થળ :-અમદાવાદ.

(દિલીપસિંહ બી. ગોહીલ)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૯, અમદાવાદ.

X______________________
( આરોપી ની સહી)

X__________________________
(આરોપીના વકીલની સહી)

**<u>કચેરી નોંધ:-</u>**

નામદાર અદાલતે તારીખ:-૧૧/૦૯/૨૦૨૧ ના રોજ કરેલ હુકમ મુજબ દંડના રુપીયા ૨,૦૦૦/-(અંકે રુપીયા બે હજાર પુરા) પહોંચ નંબર <u>૮૯</u> થી આજરોજ સ્વીકારવામાં આવેલ છે.

X ..............................
અધીકૃત કર્મચારી કોર્ટ નં.૧૯

હુકમ જોઈ ચકાસી ખરાઈ કરી અપલોડ કરેલ છે.

X ......................
અપલોડ કરનાર કર્મચારી કોર્ટ નં.૧૯